Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

*

મનના અધ્યવસાય સારા અને પવિત્ર હોય તો આત્મા પુણ્યનો ભાગીદાર થાય, જો અધ્યવસાય અશુભ તો આત્મા પાપનો ભાગીદાર થાય, આ અધ્યવસાયને સુધારવા–બગડવામાં બહારના નિમિત્તે કારણભૂત થાય છે.

*

પુસ્તક : ૮૬ અંક : ૩

પોષ જાન્યુઆરી ૧૯૯૯

આત્મ સંવત ૯૪ વીર સંવત ૨૫૧૪ વિક્રમ સંવત ૨૦૪૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુક્રમણિકા

ક્રમ	લેખ	લેખક	પૃષ્ઠ
૧.	સકળ જૈન સંઘના સદ્‌ગુરુ : ગણધર શ્રી સુધર્મા સ્વામી	પૂ૦ મુનિશ્રી વાત્સલ્યદીપ	૩૭
૨.	શ્રી હેમચન્દ્રાચાર્યની સાહિત્ય સાધના	લે. કુમારપાળ દેસાઇ	૪૧
૩.	ભાવનગરના આંગણે ગુજરાતી સાહિત્ય પરિષદના જ્ઞાનસત્રનો થયેલ રંગદર્શી પ્રારંભ	—	૪૯
૪.	મહા પ્રભાવક જૈનાચાર્ય શ્રી બપ્પભટ્ટસૂરીજી	શાહ રાયચંદ મગનલાલ	૫૧
૫.	હેમચન્દ્રાચાર્યના સમૃદ્ધ ગ્રંથોએ ગુજરાતને પ્રતિષ્ઠાન કર્યું છે		ટાઇટલ-૩

યાત્રા પ્રવાસ–૧

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૪૫ના માગસર વદી બીજને રવિવાર તા. ૨૫–૧૨–૮૮ ના રોજ શ્રી ઘોઘા તીર્થ ઉપર યાત્રા કરવા ગયા હતા. ખૂબ જ સારી સંખ્યામાં સભ્યો આવેલ હતા. ખૂબ જ આનંદ અને ભક્તિપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી. સવાર સાંજ આવેલ સભ્યોની સ્વામી ભક્તિ કરવામાં આવી હતી.

યાત્રા પ્રવાસ–૨

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૪૫ના પોષ શુદ્દિ એકમને તા. ૮–૧–૮૯ના રવિવારના રોજ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર યાત્રા કરવા ગયા હતા. સારી સંખ્યામાં સભ્યો આવેલ હતા. સવાર સાંજ ગુરુભક્તિ તેમજ આવેલ સભ્યોની સ્વામી ભક્તિ કરવામાં આવી હતી.

દાન અને આભાર

સ્વ. સમરથબેન ગુલાબચંદ શાહ મુળચંદ મોતીચંદ બડસલીયાવાળાના ધર્મપત્નિના સ્મરણાર્થે શાહ બીમચંદ કુલચંદ તરફથી રૂા. ૫૦૦/– અંકે રૂા. પાંચસો અનામત તરીકે S. S. C. માં સંસ્કૃત વિષયમાં પાસ થનારને ઇનામ આપવા માટે આપેલ છે. તે સાભારસ્વીકારવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

વર્ષ : ૮૬] * વિ. સં. ૨૦૪૫ પોષ-જાન્યુઆરી-૮૯ * અંક : [૩

સકળ જૈન સંઘના સદ્ગુરુ : ગણધર શ્રી સુધર્માસ્વામી

-પૂ૦ મુનિશ્રી વાત્સલ્યદીપ

ગણધર શ્રી સુધર્માસ્વામી

[ઇ. સ. પૂર્વે ૬૦૬ થી ઇ. સ. પૂર્વે ૫૦૬]

જન્મ : વીર નિ.સં.પૂર્વે ૮૦ : વિ.સં. પૂર્વે ૫૫૦

દીક્ષા : વીર નિ.સં.પૂર્વે ૪૨ : વિ.સં. પૂર્વે ૫૧૨

કેવળજ્ઞાન : વીર નિ. સં. ૧૨ : વિ.સં. પૂર્વે ૪૫૮

નિર્વાણ : વીર નિ. સં. ૨૦ : વિ.સં. પૂર્વે ૪૫૦

બાળક જેવી નિર્દોષતા અને સરળતા, અપ્રતિમ મેધા, પારદર્શી પ્રજ્ઞા, નજરમાં સત્યની શોધ, પળેપળ સત્યની જીવંત સાધના, વેદ-વેદાંગ-પુરાણનું સંપૂર્ણજ્ઞાન, અભૂતપૂર્વ ગ્રહણશીલતા, ઉમંગી અને ધીર શ્રોતા, વિરાટ મેદનીને મંત્રમુગ્ધ કરનાર સિદ્ધ વક્તા અને વ્યાખ્યાતા, અજોડ સંકલનકાર, વિનમ્ર અને વિનયી શિષ્ય, વત્સલ અને વહાલસોયા ગુરુ, અણિશુદ્ધ ચારિત્રવાન, અપ્રમત્ત આત્મસાધક,-આ અને આવા અનેક સદ્ગુણોનાં કુલ સરવાળાનું એક નામ એટલે શ્રી સુધર્માસ્વામી.

ભગવાન મહાવીર કરતાં તે ઊંમરમાં આઠ વર્ષે મોટાં હતા. વીર નિર્વાણ સંવત પૂર્વે ૮૦માં, લિચ્છવી ગણરાજ્યની રાજધાની વૈશાલી નજીક કોલ્લાગસન્નિવેશમાં તેમનો જન્મ થયો હતો. તેમનું જન્મનક્ષત્ર ઉત્તરાફાલ્ગુની હતું. (ભગવાન મહાવીરનું જન્મનક્ષત્ર ઉત્તરાફાલ્ગુની હતું.) તેમનાં પિતાનું નામ ધમ્મિલ અને માતાનું નામ ભદ્રિલ. તેમના પિતા ધમ્મિલ અગ્નિવૈશ્યાયન ગોત્રીય બ્રાહ્મણ હતા. અને વેદ, વેદાંગ, પુરાણના પ્રતિષ્ઠિત વિદ્વાન હતા.

સુધર્માએ વિદ્યાર્થીજીવનમાં ઋક્, સામ, યજુ, અને અથર્વ : આ ચાર વેદો; શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ : આ ૬ વેદાંગો. મીમાંસા, ન્યાય, ધર્મશાસ્ત્ર અને પુરાણ : એમ કુલ ચૌદ વિદ્યાઓનો અભ્યાસ કરીને આચાર્યપદ પ્રાપ્ત કર્યું હતું. તેમની નિશ્રામાં પાંચસો વિદ્યાર્થીઓ નિયમિત અભ્યાસ કરતા હતા.

એક વખતની વાત છે.

સુધર્માની ઊંમર ત્યારે ત્રીસેક વર્ષની હતી. ભરજુવાની. એ સમયે શ્રીમંત બ્રાહ્મણ સૌમિલના ખાસ નિમંત્રણથી, તે પોતાના પાંચસો શિષ્યો સાથે 'મધ્યમ પાવાપુરી' નામના ગામમાં આવ્યા. સૌમિલે એક વિરાટ યજ્ઞનું આયોજન કર્યું હતું. આ યજ્ઞમાં ભાગ લેવા માટે ભારતભરના મૂર્ધન્ય અને પ્રકાંડ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ્રાહ્મણ વિદ્વાનો તેમજ પંડિતો પોતાના શિષ્યો સાથે આવ્યા હતા. ગૌતમગોત્રીય ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ : એ ત્રિપુટી બંધુઓ; ભારદ્વાજગોત્રીય વ્યકત, વશિષ્ઠગોત્રીય મંડિત, કાશ્યપગોત્રીય મૌર્યપુત્ર, ગૌતમગોત્રીય મંડિત, કાશ્યપગોત્રીય મૌર્ય, હરિતગોત્રીય અચલભ્રાતા, કૌડિન્યગોત્રીય મેતાર્મ અને પ્રભાસ આદિ અનેકાનેક દિગ્ગજ અને વિખ્યાત વિદ્વાનો આ પ્રસંગે ઉપસ્થિત હતા.

યોગાનુયોગ આ પ્રસંગે ભગવાન મહાવીર પણ 'મધ્યમ પાવાપુરી' પધાર્યા. ચરમ અને પરમ કેવળજ્ઞાનની ઉપલબ્ધિ બાદ પ્રથમવાર જ તે આ નગરમાં પધાર્યા હતા. તેમના સ્વાગત માટે અભૂતપૂર્વ માનવ મહેરામણ ઉમટયો હતો. રાજાઓ, શ્રેષ્ઠિઓ, સાર્થવાહો અને સામાન્યજનો તો તેમનું સ્વાગત કરવા, તેમને સાંભળવા દોડ્યા જ, ઇન્દ્રો અને ઇન્દ્રાણીઓ, દેવો અને દેવીઓ પણ આ નગરીમાં ઉતરી આવ્યા : સિંહ અને શિયાળ, બિલાડી અને ઉંદર, સાપ અને નોળિયા જેવા પશુ પંખીઓ પણ જન્મજાત વૈર ભૂલીને તેમને જોવા–સાંભળવા દેવસ્થિત સમવસરણમાં દોડી આવ્યા.

ભગવાનના ગગનભેદી જયનાદથી અગિયારે પ્રકાંડ વિદ્વાનોનો અહમ્ ઘવાયો : પોતાની અપ્રતિમ વિદ્વત્તાથી ભગવાન મહાવીરને પરાભૂત અને પરાસ્ત કરવા ત્રિપુટીબંધુ અને વ્યકત : એમ ચાર પંડિતો એક પછી એક ભગવાન પાસે ગયા અને પાછા ન ફર્યા....! એ ચારેય વિદ્વાનો પોતાના શિષ્ય પરિવાર સાથે ભગવાનના શિષ્ય બની ગયા. આ જાણ્યું એટલે સુધર્મા પણ પોતાના શિષ્યો સાથે ભગવાન સામે જઈને ઉભા રહ્યા.

ભગવાનની વત્સલ નજર પડતાં જ સુધર્મા પોતાના આવવાનો હેતુ ભૂલી ગયા. એમના કાને જાણે વીણાનો ઝંકાર સંભળાયો :

" અગ્નિવૈશ્યાયન સુધર્મા ! તારા મનમાં શંકા છે ને કે જીવ જેવો આ ભવે હોય છે તેવો જ તે પરભવે થાય છે ? તું એવું સમજે છે ને કે કાર્ય જેવું જ કારણ થાય છે ?"

સુધર્મા અહોભાવથી માત્ર થોડાંક જ શબ્દો બોલી શકયા : "હા પ્રભુ ! આપે મારા મનની ગુપ્ત શંકાને બરાબર ઓળખી છે. પણ પ્રભુ ! આમ માનવું શું અયુક્ત છે ? છે, તો શાથી છે તે કહેવા કૃપા કરો."

અને ભગવાને તર્કથી સમજાવ્યું કે, " પુરુષ મટીને પુરુષ જ થાય, સ્ત્રી મટીને સ્ત્રી જ થાય, સિંહ મટીને સિંહ જ થાય : જેવું કારણ તેવું જ કાર્ય થયું એવું એકાંતિક અને આત્યંતિક નથી. પરંતુ જીવ શુભ કે અશુભ જેવું કર્મ બાંધે છે તેવું તેને ફળ મળે છે. "

" જે માણસ આ ભવમાં સરળ સ્વભાવી હોય, વિનયી, દયાળુ અને અદ્વેષી હોય તો તે મનુષ્ય નામકર્મ અને ગોત્રકર્મનો બંધ કરે છે અને પછી તે મરીને તે કર્મના કારણે મનુષ્યરૂપે ફરી ઉત્પન્ન થાય છે. બધાં જ માણસો કાંઇ ઉકત કર્મનો બંધ કરતા નથી, તેથી; બીજા અન્ય પ્રકારના કર્મબંધના કારણે અન્યાન્ય યોનિમાં જન્મ લે છે. એ જ પ્રમાણે, આ ભવમાં જે પશુએ માયાના કારણે પશુનામકર્મ અને પશુગોત્રકર્મ ઉપાર્જન કર્યું હોય છે તેજ પરભવમાં ફરી પાછું પશુરૂપે ઉત્પન્ન થાય છે. બધાં પશુઓ કાંઈ ઉકત કર્મનો બંધ કરતા નથી, તેથી; બધાં પશુરૂપે ઉત્પન્ન નથી થતાં. આમ, જીવની ગતિ તેના કર્માનુસારી છે. "

ભગવાનની આવી મૃદુલ, મંજુલ, અર્થગંભીર અને સત્યાનુભૂત વાણી સાંભળીને સુધર્માના સંશયનો છેદ થઇ ગયો. અને તેમણે ઇન્દ્રભૂતિ આદિ વિદ્વાનોની જેમ, પોતાનાં બધાં જ શિષ્યો સહિત, ભગવાન મહાવીરના ચરણે પોતાનું જીવન સમર્પિત કરી દીધુ.

વીર નિર્વાણ સંવત પૂર્વે ૪૨, વૈશાખ સુદિ અગિયારસ.

જૈન સંસ્કૃતિ અને ઇતિહાસનો આ સૌથી રોમાંચક અને શકવર્તી દિવસ. ઉદ્દામિ, સંચતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આદિ અનેક રાજાઓ : ચંદનબાળા આદિ અનેક રાજકન્યાઓ, રાજરાણીઓ : ઇન્દ્રભૂતિ આદિ અનેક દિગ્ગજ વિદ્વાન બ્રાહ્મણોએ ભગવાન મહાવીર પાસે જૈન દીક્ષા અંગિકાર કરી. ભગવાને દિવસે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા : એ ચારના સંયુક્ત શ્રી સંઘની સ્થાપના કરી. આ સમયે ભગવાને ઇન્દ્રભૂતિ ગૌતમને સંઘનાયક અને સુધર્માસ્વામીને ગણનાયકના સર્વોચ્ચ સન્માનનીય પદથી વિભૂષિત કર્યા. તે પછી ભગવાને ઉપદેશ આપ્યો કે, સંસારનાં પ્રત્યેક પદાર્થ ઉત્પાદ, વ્યય, ધ્રોવાત્મમય સ્વભાવવાળા છે. આ ત્રિપદી ઉપદેશ કહેવાયો.

ભગવાનની અલંકારપૂર્ણ દિવ્યવાણી સાંભળીને ઇન્દ્રભૂતિ ગૌતમ, સુધર્મા આદિ અગિયાર નવદીક્ષિત બ્રાહ્મણ શ્રમણોને ગણધરલબ્ધિ ઉત્પન્ન થઇ. અને એજ સમયે તે સૌએ ૧૪ પૂર્વોની રચના કરી. આનાં નામ આ પ્રમાણે છે : ૧. ઉત્પાદ પૂર્વ ૨. અગ્રાયણી પૂર્વ, ૩. વીર્યપ્રવાદ પૂર્વ, ૪. અસ્તિ–નાસ્તિ પ્રવાદ પૂર્વ, ૫. જ્ઞાનપ્રવાદ પૂર્વ, ૬. સત્યપ્રવાદ પૂર્વ, ૭. આત્મપ્રવાદ પૂર્વ, ૮. કર્મપ્રવાદ પૂર્વ, ૯. પ્રત્યાખ્યાન પૂર્વ, ૧૦. વિદ્યાનુપ્રવાદ પૂર્વ, ૧૧. કલ્યાણવાદ પૂર્વ, ૧૨. પ્રાણાવાય પૂર્વ, ૧૩. ક્રિયાવિશાળ પૂર્વ, ૧૪. લોકબિન્દુસાર પૂર્વ

સુધર્માસ્વામીને ગણધરલબ્ધિ પ્રાપ્ત થઇ હતી આથી તે 'ગણધર' કહેવાયા અને ભગવાને સાધુ-સાધ્વીની સારસંભાળ માટે જે ગણની વ્યવસ્થા કરી હતી એ ગણના તે નાયક હતા તેથી પણ ગણધર કહેવાયા. ભગવાનના આવા અગિયાર ગણધરોમાં સુધર્માસ્વામી પાંચમાં ગણધર હતા.

અગિયાર ગણધરોમાં માત્ર એક સુધર્માસ્વામી જ ભગવાન મહાવીરની અંતિમપળો સુધી, સેવા કરવા પરમસૌભાગી બન્યા હતા. કારણ અગ્નિભૂતિ અને વાયુભૂતિ વીરનિર્વાણ પૂર્વે ૨ માં, અચલભ્રાતા અને મેતાર્ય વીર નિર્વાણ પૂર્વે ૪માં, આર્યપ્રભાસ વીર નિર્વાણ પૂર્વે ૬માં, અને વ્યકત, મંડિત, મૌર્યપુત્ર અને અકંપિત વીર નિર્વાણ પૂર્વે એકમાં નિર્વાણ પામ્યા હતા. આ નવ ગણધરોએ નિર્વાણ અગાઉ એક માસનું અનશન કર્યું હતું. અનશન પૂર્વે તે સૌએ પોતપોતાના શિષ્યોને સુધર્માસ્વામીની નિશ્રામાં મૂકયા હતા. આમ, શ્રી સુધર્માસ્વામી ઓછામાં ઓછાં ૩૬૦૦ શિષ્યોના ગુરુ બન્યા હતા.

પરંતુ પોતે તો ભગવાનના વિનયી શિષ્ય જ રહ્યા હતા. ભગવાન માટે તે ગોચરી (ભોજન) લઇ આવતા. આચાર્ય મલયગિરિ 'આવશ્યક નિયુકિત' ની વૃત્તિમાં લખે છે : 'એ ક્ષમાસાગર, લોહસાર સમાન કાન્તિમાન રંગવાળા 'લોહાર્ય' ધન્ય છે કે જેમના ભિક્ષાપાત્રથી સ્વયં જિનેન્દ્ર ભગવાન મહાવીર પોતાના હસ્તપાત્ર દ્વારા ભોજન કરે છે.' આ ઉલ્લેખથી બે વાત જાણવા મળે છે : ૧. સુધર્માસ્વામીનું બીજું નામ લોહાર્ય છે. ૨. ભગવાનના માટે તે ગોચરી લઇ આવતા. આમ છતાં લોહાર્ય નામ બહુ પ્રચલિત નથી અને તે અંગે વિદ્વાનોનો એકમત પણ નથી.

શ્રી સુધર્માસ્વામીના દીક્ષાજીવનમાં ત્રણ પ્રસંગોની નોંધ મળે છે

એક : ભગવાન મહાવીર વિદ્યમાન હતા એ સમયે તેમના પરમભકત શ્રેણિક રાજાએ કુમાર–કુમરી પર્વત ઉપર એક જિનાલય બંધાવ્યું હતું. શ્રી સુધર્માસ્વામીએ આ જિનાલયમાં ભગવાન શ્રી ઋષભદેવની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.

બે : ભગવાન મહાવીરના નિર્વાણના અંતિમ દિવસે, તેઓ ભગવાનને વિનયથી પૂછે છે : " હે ભગવંત! કેવળજ્ઞાનરૂપી સૂર્ય કયારે અને કોના પછી ઉચ્છેદ પામશે, તે કહેવા કૃપા કરો. "

તેમના આ પ્રશ્નથી આપણા સૌને જાણવા મળ્યું કે જંબૂસ્વામી છેલ્લાં કેવળી બનશે. ત્યાર પછી કોઇને કેવળજ્ઞાન નહિ થાય.

ત્રણ : ભગવાનના નિર્વાણ બાદ શ્રી સુધર્માસ્વામી ચંપાનગરીમાં શિષ્ય પરિવાર સાથે પધાર્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ શિષ્ય પરિવારમાં જંબૂસ્વામી પણ હતા. મગધનરેશ શ્રેણિક તેમને વંદન કરવા માટે ગયા. શ્રી જંબૂસ્વામીનું અપ્રતિમ સૌંદર્ય જોઇને શ્રેણિકે પૂછયું :

" હે ભગવંત! આપના આ શિષ્યવૃંદમાં તારા-મંડળમાં શરદપૂર્ણિમાના ચંદ્રસમાન કાન્તિવાન, ઘીસીંચિત અગ્નિની જ્વાહળતી જ્યોત સમાન તેજસ્વી અને સૌન્દર્યસમ્રાટ આ શ્રમણ કોણ છે? કયાં દાન, શીલ, તપ અને ભાવના પ્રભાવથી તેમણે આવું ભુવનમોહન સૌન્દર્ય અને તેજ પ્રાપ્ત કર્યા છે? "

એના જવાબમાં શ્રી જંબૂસ્વામીનો પૂર્વભવ આપણને બીજી વાર જાણવા મળ્યો. [આ પૂર્વે સમ્રાટ શ્રેણિકે વિદ્યુન્માલી દેવને જોઇને, તેમના વિષે જાણવાની જિજ્ઞાસા ભગવાન સમક્ષ વ્યક્ત કરી હતી. જ્યારે ભગવાને જંબૂસ્વામીના પૂર્વભવની વાત કહી હતી અને તેમના જન્મની આગાહી કરી હતી.]

આ તો ત્રણ પ્રસંગો છે, તેમનાં જીવનની મહત્વની અને શુકવર્તી ઘટના તેમણે રચેલી ' દ્વાદ-શાંગી ' નું પ્રદાન છે. શ્રી સુધર્માસ્વામીએ પોતાની દીક્ષાના પ્રથમ દિવસથી માંડીને, ભગવાન મહાવીરના નિર્વાણુની અંતિમ પળ સુધી, ભગવાન પાસેથી જે મુક્તિ પ્રદાશિની મંગળ વાણી સાંભળી તેને તેમણે સૂત્રબદ્ધ કરી. ભગવાન મહાવીરનાં બેંતાલીસ વરસના ઉપદેશનું સકલન કરીને તેમણે આપણને ભગવાનનો અભૂતપૂર્વ જ્ઞાનવારસો પ્રદાન કર્યો. તેમની એ સાહિત્ય સર્જના ' દ્વાદશાંન્ત ' નામે જગમશહૂર છે. બાર ગ્રંથોના સમુહનું એક નામ ' દ્વાદશાંગી ' છે.

આ બાર ગ્રંથોના નામ ક્રમશઃ આ પ્રમાણે છે. (૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ, (૩) સ્થાનાંગ, (૪) સમવાયાંગ, (૫) વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ, (૬) જ્ઞાતા ધર્મ કથા, (૭) ઉપાસક દશા, (૮) અંતકૃદશા, (૯) અનુત્તરો-પપાતિક દશા, (૧૦) પ્રશ્ન વ્યાકરણ, (૧૧) વિપાકશ્રુત, અને (૧૨) દ્રષ્ટિવાદ.

આ બાર ગ્રંથોને આગમ કહેવાય છે. તેમાં છેલ્લા બારમાં દ્રષ્ટિવાદ સિવાયના અગિયારેય ગ્રંથો આજ ઉપલબ્ધ છે. તે દરેક મૂળ પ્રાકૃતભાષામાં છે. અને એ બધાનો હિન્દી તેમજ ગુજરાતીમાં અનુ-વાદ પણ થયો છે. આ આગમ ગ્રંથોના વાંચનથી ભગવાન મહાવીર ઉપદિષ્ટ તત્ત્વજ્ઞાન તો જાણવા મળે જ છે, સાથોસાથ ભગવાનના જીવન વિષે, તેમના કેટલાક શિષ્યો અને શ્રાવકો વિષે પણ બહુમૂલ્ય માહિતી જાણવા મળે છે.

ભગવાન નિર્વાણ પામ્યા ત્યારે સુધર્માસ્વામીની વય બેંશી વર્ષની હતી. ૯૨માં વર્ષે વીર સંવત ૧૨ (વિ. સં. પૂર્વે ૪૫૮) માં તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. કેવળી થયા બાદ તેમણે શ્રી ચતુર્વિધ સંઘની સંપૂર્ણ જવાબદારી, તેમના શિષ્ય જંબૂ-સ્વામીને સોંપી દીધી.

આઠ વરસ સુધી કેવળી જીવન જીવ્યા, અને વીર નિર્વાણ સંવત ૨૦ (વિ. સં. પૂર્વે ૪૫૦)ના અંતિમ દિવસોમાં એક મહિનાનું અનશન કરીને, તેઓશ્રી પૂરા સો (૧૦૦) વરસે રાજગૃહી નગરના ગુણશીલ ચૈત્યમાં નિર્વાણ પામ્યા.

શ્રી જંબૂસ્વામી, શ્રી પ્રભવસ્વામી આદિ તેમના મુખ્ય શિષ્યો હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી હેમચન્દ્રાચાર્યની સાહિત્ય સાધના

લેખક : શ્રી કુમારપાળ દેસાઈ

(ગતાંક પૃષ્ઠ ૨૭ થી ચાલુ)

સિદ્ધરાજ અને કુમારપાળની મદદથી હેમચંદ્રાચાર્યને જૂના ગ્રંથોની ઘણી હસ્તપ્રતો સાંપડી. હેમચંદ્રાચાર્યના આ કાર્યમાં રામચંદ્ર, ગુણચંદ્ર અને મહેન્દ્ર જેવા વિદ્વાન શિષ્યોનો સમુદાય એમને સહાયક થયો હતો. વિદ્યોપાસનાનું કેવું ભવ્ય વાતાવરણ એ સમયે રચાયું હશે, એની કલ્પના જ રોમાંચકારી લાગે છે. એમના ગ્રંથોની લહિયાઓ પાસે અસંખ્ય પ્રતિલિપિઓ કરાવવામાં આવી હતી અને એ પ્રતિલિપિઓને ભારતના અનેક ગ્રંથભંડારોમાં સ્થાપિત કરવામાં આવી હતી. આ કારણે જ તેમના જીવનકાળમાંજ લખાયેલી કેટલીક પ્રતિલિપિઓ આજે પણ ઉપલબ્ધ થાય છે. એ પછીનાં નવસો વર્ષના દીર્ઘકાળમાં આ ગ્રંથોની પ્રતિલિપિઓ થતી રહી છે. આજે ભાગ્યે જ કોઇ એવો જૈન ગ્રંથભંડાર હશે, જ્યાં હેમચંદ્રાચાર્યના કોઇ ને કોઇ ગ્રંથની પ્રતિલિપિ ન હોય.

હેમચંદ્રાચાર્યના ગ્રંથોનો અભ્યાસ કરતાં પૂર્વે ગ્રંથરચનાનો હેતુ કે ઉદ્દેશ જોવો જરૂરી બનશે. આ નિઃસ્પૃહી સાધુને કવિયશ મેળવવાની તો કલ્પના જ ક્યાંથી હોય? યશ, અર્થ કે નામનાથી તો સાધુતાના શિખર સમા આ ગ્રંથકાર પર હોય. એ જ રીતે ગ્રંથરચના પાછળ વિદ્વત્તા કે પાંડિત્યના પ્રદર્શનનો પણ આશય ન હોય. હેમચંદ્રાચાર્યનો હેતુ તો વિદ્યાસેવીઓને સુગમ અને સુબોધ બને એ રીતે ભિન્ન ભિન્ન વિષયોનું સર્વાંગીણ અને સારભૂત આકલન કરવાનો હતો. આમાં જે અવ્યવસ્થિત હતું એને એમણે વ્યવસ્થિત કર્યું. જ્યાં ક્ષતિ હતી ત્યાં તેનું નિવારણ કર્યું. લોકકંઠમાં હતું એને લિપિબદ્ધ કર્યું. પુસ્તકોમાં હતું તેનું આકલન કર્યું. વેદસ્થ વિચારોનું દોહન કર્યું. આ રીતે કાવ્યો રચીને કવિ બનવું કે કઠિન ગ્રંથો લખીને વિદ્વાગર્વ ધારણ કરવો તેવા કોઇ હેતુને બદલે હેમચંદ્રાચાર્યે વિદ્યાપ્રીતિથી પ્રેરાઇને લોકસંગ્રહ અર્થે પોતાની સઘળી શક્તિ કામે લગાડી હતી. તેમણે યથા અવકાશ સ્વતંત્ર વિચારણા કે મૌલિક ચિંતન પણ આપ્યું છે. આ ઉદ્દેશને લક્ષમાં રાખ્યા વગર કળિકાળસર્વજ્ઞના ગ્રંથોનો અભ્યાસ કરનાર ભૂલથી એવો આક્ષેપ કરી બેસે કે એમણે તો પૂર્વગ્રંથોમાંથી ઉતારા જ કર્યા છે. જોકે છેલ્લા આઠ-નવ સૈકાઓથી એમના ગ્રંથોના અવિરત પઠન-પાઠન પરથી એમના વિદ્યાકીય પુરુષાર્થનું સાફલ્ય પ્રગટ થાય છે. પ્રાચીન ઇતિહાસમાં કે હેમચંદ્રાચાર્યની પૂર્વે આટલા વિભિન્ન વિષયો પર સળંગ શાસ્ત્રીય અને અભ્યાસપૂર્ણ ગ્રંથો આપનાર હેમચંદ્રાચાર્ય જેવી ભાગ્યે જ કોઇ વિરલ પ્રતિભા મળી આવશે. એ જ્ઞાનજ્યોતિએ દૂર કરેલા અજ્ઞાનના અધિકાર વિશે શ્રી સોમપ્રભાચાર્ય કહે છે—

कलुप्तं व्याकरणं नवं विरचितं छंदो नवं द्व्याश्रयालंकारौ प्रथितौ नवौ प्रकटितं श्रीयोगशास्त्रं नवम्। तर्कः सज्जनितो नवो जिनवरादीनां चरित्रं नवं बद्धं येन न केन विधिना मोहः कृतो दूरतः ॥

"નવું વ્યાકરણ કલ્પ્યું; નવું છંદશાસ્ત્ર રચ્યું; દ્વયાશ્રય મહાકાવ્ય અને અલંકારશાસ્ત્રને વિસ્તાર્યાં અને નવાં જ પ્રગટ કર્યાં. શ્રીયોગશાસ્ત્રને પણ નવું રચ્યું; નવા તર્કશાસ્ત્રને જન્મ આપ્યો; જિનવરોનાં ચરિત્રોનો નવો ગ્રંથ રચ્યો; કઇ કઇ રીતે શ્રી હેમચંદ્રાચાર્યે અજ્ઞાનને દૂર કર્યું નથી?"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રંથભંડારોમાં કળિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની અનેક કૃતિઓ મળે છે. આ કૃતિઓની વિશ્વસનીયતાના નિર્ધારણમાં કર્તાએ પોતે કેટલીક કૃતિઓને અંતે કરેલ ઉલ્લેખો સહાયક બને છે. વળી એ પછી સોમપ્રભાચાર્ય અને પ્રભાચંદ્ર એમની કૃતિઓના ઉલ્લેખો આપ્યા છે. ગુજરાતી સાહિત્યના પરોઢનો ઝાંખો પ્રકાશ 'સિદ્ધહેમશબ્દાનુશાને' સૌ પ્રથમ દર્શાવ્યો. હેમચંદ્રાચાર્યની વિપુલ સાહિત્યરચનાની ગંગોત્રીનો પ્રારંભ ગુજરાતની અસ્મિતા અને સંસ્કારિતા જગાડનારી એક ઘટનાના પ્રતિભાવરૂપે થયો. જયસિંહ સિદ્ધરાજ માલવપતિ શ્રી યશોવર્માને હરાવી, ધારાનગરીનો ધ્વંસ કરી, તેનો અમૂલ્ય ગ્રંથભંડાર પાટણમાં લાવ્યા. આ ગ્રંથભંડારમાં ભોજરાજવિરચિત 'સરસ્વતીકંઠાભરણ' નામના વ્યાકરણગ્રંથ પર સિદ્ધરાજની દૃષ્ટિ પડી. વિશેષ તપાસ કરતાં એને જાણવા મળ્યું કે પોતે જે પ્રદેશને પરાજિત કર્યો છે એ પ્રદેશના ભોજનું વ્યાકરણ જ એના રાજ્યમાં ભણાવાતું હતું. ભોજરાજની વિદ્વત્તાની પ્રશંસાએ સિદ્ધરાજને એના માત્ર પ્રદેશવિજયની લઘુતા દેખાડી. આ સમયે ભોજના વ્યાકરણ કરતાં ચડિયાતું વ્યાકરણ રચી શકે તેવા સમર્થ શક્તિશાળી હેમચંદ્રાચાર્ય જ હતા. વિ.સં.૧૧૯૩માં એમને આ વ્યાકરણ લખવાનું સોંપાયું. સિદ્ધરાજે તે માટે ઠેરઠેરથી હસ્તપ્રતો મંગાવી. છેક કાશ્મીરથી આઠ વ્યાકરણો મંગાવ્યા. આ વ્યાકરણોની મદદથી અને સ્વ-પ્રતિભાથી કળિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે 'સિદ્ધહેમશબ્દાનુશાસન' નામના વ્યાકરણની રચના કરી. સિદ્ધરાજની વિનંતીથી આ વ્યાકરણ રચાયું હોવાથી પ્રથમ એનું નામ જોડીને નામાભિધાન કર્યું. અગાઉના વ્યાકરણગ્રંથોમાં અતિવિસ્તાર, દુર્બોધતા અને ક્રમભંગ-એ ત્રણ દોષો જોવા મળતા હતા. હેમચંદ્રાચાર્ય આ વ્યાકરણની રચનામાં સંક્ષેપ સુગમતા અને ક્રમબદ્ધ આયોજન રાખીને એ ત્રણે દોષથી મુક્ત રહ્યા. આ વ્યાકરણગ્રંથની બીજી વિશેષતા એ છે કે એનાં પાંચેય અંગો* હેમચંદ્રાચાર્યે પોતે લખ્યા છે. બીજા વૈયાકરણોએ વ્યાકરણસૂત્ર અને બહુ બહુ તો તેના ઉપરની વૃત્તિની રચના કરી છે. વ્યાકરણનાં અન્ય અંગોની રચના તો અનુગામીઓ કરે એવી પરિપાટી હતી. હેમચંદ્રાચાર્યે આ પાંચેય અંગોની રચના પોતે કરીને પાણિનિ, ભટ્ટોજી દીક્ષિત અને ભટ્ટિ એ ત્રણેય વૈયાકરણોનું કામ એકલે હાથે કર્યું. એમના આ વ્યાકરણગ્રંથે વર્ધમાનસૂરિ અને બુદ્ધિસાગરસૂરિજીના વ્યાકરણગ્રંથોને વિસ્મૃત કરી દીધા. પાણિનિના સંસ્કૃત વ્યાકરણ પછીનું એક બીજું નોંધપાત્ર વ્યાકરણ તે 'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન' ગણાય છે. પાણિનિનાં સૂત્રોની યોજના કરતા હેમચંદ્રાચાર્યનાં સૂત્રોની યોજનામાં અભ્યાસકને તે સુગમ થાય તેનો ખ્યાલ રખાયો છે. અભ્યાસ અર્થે ગ્રંથ રચવાનો ઉદ્દેશ હોવાથી જ જ્યાં પૂર્વાચાર્યના સૂત્રોથી કામ ચાલ્યું ત્યાં એ જ સૂત્રો તેમણે કાયમ રાખ્યાં છે. આથી શાકટાયન અને હેમચંદ્રાચાર્યનાં સૂત્રોમાં મોટું સામ્ય જોવા મળે છે. જ્યાં દોષ, ત્રુટિ કે દુર્બોધતા દેખાય ત્યાં મૌલિક ઉમેરણથી સૂત્રોને સુગ્રાહ્ય બનાવવાનો પ્રયાસ કર્યો છે. એક વર્ષમાં આ વ્યાકરણનાં સૂત્રો અને લઘુવૃત્તિ તેમણે રચ્યાં હશે. એની બૃહદ્વૃત્તિ અને બીજાં અંગોનું નિર્માણ એમણે પછીથી કર્યું હશે. મૂળસૂત્ર, ધાતુ, ગણપાઠ, ઉણાદિ પ્રત્યય અને લિંગાનુશાસન-એમ પંચાંગી વ્યાકરણની રચના એમણે સવા લાખ શ્લોકમાં કરી હતી. મેરુતુંગાચાર્યે પણ નોંધ્યું છે કે હેમચંદ્રાચાર્યે આ વ્યાકરણ સવા લાખ શ્લોકોનું રચ્યું હતું.

આ વ્યાકરણમાં આઠ અધ્યાય છે. એની કુલ સૂત્રસંખ્યા ૪૬૮૫ છે. પ્રાકૃત વ્યાકરણને લગતાં સૂત્રો બાદ કરીએ તો સંસ્કૃત વ્યાકરણના ૩૫૬૬ સૂત્રો મળે છે. આ વ્યાકરણગ્રંથના આઠમાં અધ્યાયમાં મળતી પ્રાકૃત અને અપભ્રંશની ચર્ચા એ આ ગ્રંથની

* વ્યાકરણનાં પાંચ અંગો તે : (૧) સૂત્રપાઠ; (૨) ઉણાદિગણસૂત્ર; (૩) લિંગાનુશાસન; (૪) ધાતુપારાયણ; અને (૫) ગણપાઠ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અભ્યાસીઓને આકર્ષતી વિશેષતા છે. જેમ પાણિનિએ 'અષ્ટાધ્યાયી' નામના સર્વોત્કૃષ્ટ વ્યાકરણમાં વૈદિક વ્યાકરણ પ્રયોજ્યું છે, એ જ રીતે હેમચંદ્રાચાર્યે 'સિદ્ધહેમ'ના આઠમાં અધ્યાયમાં પ્રાકૃત અને અપભ્રંશ પ્રાચીન ગુજરાતી ભાષાનું વ્યાકરણ યોજ્યું છે. એમનું પ્રાકૃત વ્યાકરણ બધાં પ્રાકૃત વ્યાકરણોમાં વધુ પૂર્ણ અને વ્યવસ્થિત છે. એમનાં અપભ્રંશ વ્યાકરણે અપભ્રંશ સાહિત્યની રસસમૃદ્ધિનો ખરેખરો પરિચય કરાવ્યો. આ વ્યાકરણ સંક્ષિપ્ત હોવા છતાં એમાં બધા અંગોનો સમાવેશ થયો છે. આમ સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાનું 'સિદ્ધહેમ' જેવું વ્યાકરણ એ પછી અદ્યાપિ લખાયું નથી. અભ્યાસીને અનુકૂળ એવી આની વિષયગોઠવણ અને પરિભાષાને કારણે એફ.કિલહોર્ન (F Keplhorn આને 'The best grammar of the Indian middle ages' કહે છે.[૧૦] પ્રાચીનભાષાઓના પ્રત્યેક અભ્યાસીનેમાટે 'સિદ્ધહેમ' અનિવાર્ય પ્રવેશદ્વાર ગણાય. આ વ્યાકરણે રાજા સિદ્ધરાજ અને આચાર્ય હેમચંદ્રની અક્ષરકીર્તિ સમગ્ર દેશમાં પ્રસરાવી. આ વ્યાકરણને હાથી પર અંબાડીમાં મૂકીને ધામધૂમથી એની શોભાયાત્રા કાઢવામાં આવી હતી, એ રીતે ગુજરાતમાં વિદ્યાપ્રતિષ્ઠાનો પ્રારંભ થયો. સિદ્ધરાજે રાજ્યના ત્રણસો લહિયા રોકીને આની અનેક પ્રતિલિપિઓ તૈયાર કરાવી એટલું જ નહિ પરંતુ અંગ, બંગ, કોંકણ, કર્ણાટક તેમજ કાશ્મીર સુધી આખા દેશમાં તેમજ નેપાળ શ્રીલંકા અને ઇરાન જેવા દૂર દૂરના દેશમાં એની પ્રતિલિપિઓ મોકલાવી. ગુજરાતની વિદ્વત્તાની જ્ઞાન જ્યોત એમ અવી સુંદર રીતે પ્રગટી કે એનો પ્રકાશ પહેલીવાર દેશનાં સીમાડાઓને વીંધીને દેશપાર ગયો. વાણિજ્યમાં દેશાવર ખેડનાર ગુજરાતે જ્ઞાનપ્રસારમાં પહેલીવાર દેશાવર ખેડયો. આ ગ્રંથ પર વિદ્યાધરગણિ દેવાનંદ અને વાયટગચ્છીય અમરચંદ્રસૂરિએ રચનાઓ કરી છે. 'સિદ્ધહેમ' ની રચના પછી લગભગ ત્રણસો વર્ષ બાદ વિ. સં. ૧૪૯૨માં જિનમંડનગણિએ એમના 'કુમારપાળ પ્રબંધ' માં શબ્દસમુદ્રના પારગામી હેમચંદ્રાચાર્યે એકલાએ આવું શબ્દાનુશાસન રચ્યું. તેમની મતિની કઇ રીતે સ્તુતી કરીએ?[૧૧] એમ કહીને હેમચંદ્રના વ્યાકરણની પ્રશસ્તિરૂપે પોતાના સમયમાં ચાલતી ઉક્તિનો નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છે.

भ्रातः पाणिनि संवृणु प्रलपितं कातंत्रकंथाकथा,
मा कार्षीः कटु शाकटायनवचःक्षुद्रेण चान्द्रेण किम्?।
कः कंठाभरणादिभिर्विलरयत्यात्मानमन्यैरपि
श्रूयन्ते यदि तावदर्थमधुराः श्रीसिद्धहैमोक्तयः॥१॥

"ભાઇ પાણિનિ! તારા અપલાપ બંધ કર. વરરુચિ! તારું કાતંત્ર વ્યાકરણ કંથા જેવું છે એટલે તને તો શું કહું? શાકટાયન! તારાં કડવાં વચન કાઢીશ જ નહિ અને ચંદ્ર! તારું ચાંદ્ર વ્યાકરણ સાર વગરનું છે એટલે તારી વાત પણ કરતો નથી. જ્યાં સુધી હેમચંદ્રની અર્થગંભીર મધુર વાણી આ જગતમાં વિદ્યમાન છે ત્યાં સુધી કંઠાભરણાદિ બીજા વ્યાકરણો ભણી કયો પુરુષ પોતાની બુદ્ધિને જડ કરે?[૧૨]

'સિદ્ધહેમશબ્દાનુશાસન' ના એક સ્વતંત્ર વિભાગ તરીકે 'હેમલિંગાનુશાસન' પ્રાપ્ત થાય છે. આઠ અધ્યાયનાં ૭૬૩ સૂત્રોમાં આની રચના કરી છે. આની પાછળનો તેમનો હેતુ તો અભ્યાસીઓને લિંગવિધાનનું જ્ઞાન પ્રાપ્ત થાય તે છે. આથી બીજા લિંગાનુશાસન કરતાં આ કૃતિ વિસ્તૃત અને નોખી ભાત પાડનારી લાગે છે. પદ્યબંધમાં રચાયેલા આ ગેય ગ્રંથમાં હેમચંદ્રાચાર્યે અમરકોશની શૈલી પ્રમાણે પદ્યમાં સ્ત્રીલિંગ, પુલ્લિંગ અને નપુંસકલિંગ—એમ ત્રણેય લિંગોમાં શબ્દોનું વર્ગીકરણ કર્યું છે.

'શબ્દાનુશાસન' અને 'કાવ્યાનુશાસન' પછી કળિકાળ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે 'છંદોનુશાસન' ની રચના કરી. પૂર્વાચાર્યોની પદ્ધતિ અનુસાર જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને છંદોવિધાનનું જ્ઞાન મળે તેવો આની પાછળનો ઉદ્દેશ હતો. 'કાવ્યાનુશાસન' અને 'છંદોનુશાસન'ને લક્ષમાં રાખીને વિખ્યાત સંશોધક એમ.વિન્ટરનિટ્ઝ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"The Life of Hemahandracharya" પુસ્તકના આમુખમાં નોંધે છે :

'Hemachandra's learned books, it is true, are not distinguished by any great originality, but they display a truly encyclopaedic erudition and an enormous amount of reading, besides a practical sense which makes them very useful. This applies also to his manuals of poetics and metrics, the Kavyanus'asana anb the Chandonus'-asana, each accompanied by the author's own commentary."[૧૩]

સંસ્કૃત ભાષામાં છંદોનાં લક્ષણ આપ્યા પછી એનાં ઉદાહરણ સંસ્કૃત, પ્રાકૃત અથવા અપભ્રંશ ભાષામાં આપ્યા છે. ઉદાહરણોમાંનાં કેટલાક ઉદાહરણો હેમચંદ્રાચાર્યે યોજેલાં છે. વળી આમાં સિદ્ધરાજ, કુમારપાળ વગેરેની પ્રશસ્તિરૂપ, સ્વોપજ્ઞ કાવ્યદૃષ્ટાંતો આપ્યાં છે જેમાંથી એ સમયની ઐતિહાસિક વિગતો મળે છે. તેથી આ ગ્રંથનું ઐતિહાસિક દૃષ્ટિએ પણ ઘણું મહત્ત્વ છે.

આ ગ્રંથને સંસ્કૃત-પ્રાકૃત ભાષાનું પિંગળ જ કહેવાય. સંસ્કૃત, પ્રાકૃત કે અપભ્રંશમાં પ્રવર્તમાન બધા છંદોની આમાં સોદાહરણ ચર્ચા કરવામાં આવી છે. અર્વાચીન છંદશાસ્ત્રનો અભ્યાસ કરનારને સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ છંદશાસ્ત્રની જાણકારી જરૂરી છે અને તે છંદોની શાસ્ત્રીય વિવેચના એક માત્ર 'છંદોનુશાસન' માંથી મળી રહે છે. વળી અર્વાચીન છંદ શાસ્ત્રની દૃષ્ટિએ પણ આ ગ્રંથમાં કેટલીક ઉપયોગી ચર્ચા મળે છે. આજના કવિઓ જે પ્રકારનો છંદોનો સંકર કરી રહ્યા છે તેમજ ગણિતદૃષ્ટિએ વર્ણગણોના ફેરબદલા કરી અનેક નવા છંદોની યોજના કરે છે. તેની ચર્ચા હેમચંદ્રાચાર્યે કરી છે.[૧૪]

એક વૈયાકરણ તરીકે કળિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય વિશિષ્ટ સ્થાન ધરાવે છે. મહાન વૈયાકરણ પાણિનિએ પોતાના વ્યાકરણ 'અષ્ટાધ્યાયી' દ્વારા પૂર્વ પરંપરામાં એક પોતીકી પરંપરાનું નિર્માણ કર્યું હતું. પાણિનિની પૂર્વે શૌનક, શાકટાયન જેવા અનેક વ્યાકરણીઓ થયા હતા, પરંતુ પાણિનિના વ્યાકરણે એક પરંપરા સ્થાપી. એમાં કાત્યાયન કે પતંજલિએ સંશોધન-ઉમેરણ કર્યું, પરંતુ પાણિનિની વૈયાકરણ તરીકેની પ્રતિષ્ઠા તો સદીઓથી અક્ષત રહી. સંસ્કૃત ભાષાના અંતિમ વ્યાકરણશાસ્ત્રી બન્યા આચાર્ય હેમચંદ્રાચાર્ય. સંસ્કૃત વ્યાકરણ પરંપરામાં એમના પ્રદાનને કારણે હેમસંપ્રદાય ઉભો થયો. એમના વ્યાકરણનો ઉત્તરકાલીન જૈન વ્યાકરણો પર વિશેષ પ્રભાવ દૃષ્ટિગોચર થાય છે. શ્વેતાંબર સંપ્રદાયના કેટલાક આચાર્યોએ હેમચંદ્રાચાર્યના વ્યાકરણને આધારે અનેક ગ્રંથોની રચના કરી છે. આવા આઠથી દસ વ્યાખ્યાકાર મળે છે.[૧૫]

અપભ્રંશ વ્યાકરણ તે કળિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનું ચિરકાલીન મહત્ત્વ ધરાવતું પ્રદાન ગણાશે. 'શબ્દાનુશાસન'ના આઠમાં અધ્યાયના પ્રાકૃત વ્યાકરણમાં હેમચંદ્રાચાર્યે મહારાષ્ટ્રી, શૌરસેની, માગધી, પૈશાચી, મૂલિકા પૈશાચી અને અપભ્રંશ એમ છ ભાષાઓની ચર્ચા કરી છે. અપભ્રંશ વિભાગમાં નોંધેલા દુહાઓનું વૈવિધ્ય આકર્ષક છે. અપભ્રંશનાં સૂત્રોની વૃત્તિમાં લગભગ ૧૭૭ દુહાઓ હેમચંદ્રાચાર્યે નોંધ્યા છે, જેમાં ઉપદેશાત્મક, વીરરસપ્રધાન, પૌરાણિક, શૃંગારરસપ્રધાન અને જૈન ધર્મને લગતાં દુહાઓ મળે છે. આ દુહાઓમાં કેટલાક લોકોક્તિ રૂપે ઉતરેલા છે.

આ અપભ્રંશ દુહાઓ છેક ગુજરાતી ભાષા સુધી ઉતરી આવ્યા છે. અપભ્રંશ દુહાનું અર્વાચીન ભાષામાં કેવું રૂપાંતર થયું છે એની તપાસ સંશોધકને માટે રસપ્રદ વિષય બને તેમ છે. આઠમાં અધ્યાયમાં હેમચંદ્રાચાર્ય એક અપભ્રંશ દુહો ટાંકે છે—

'वायसु उड्डावंतिअए पिउ दिट्ठउ सहसत्ति।
अद्धा वलया महिहि गय अद्धा फुट्ट तड-त्ति ॥ १६

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાંબા સમયથી પ્રેયસી વિરહ અનુભવતી હતી, તેનો દેહ પણ ક્ષીણ બની ગયો હતો. આવી વિરહાકુલ સ્ત્રી કાગડાને ઉડાડવા જતી હતી ત્યાં જ એકાએક એના પતિને આવતો જોયો. ચિરવિરહિણી પર એની કેવી અસર થઇ ? અડધાં વલય જમીન પર પડી ગયાં, વિરહને કારણે હાથ દુર્બળ બની ગયો હતો માટે. જ્યારે અડધાં તડ દઈને તૂટી ગયાં, પ્રિયતમનાં દર્શનથી આનંદિત થયેલી વિરહિણીનું કાંડું ફૂલી ગયું માટે.

લોકભાષામાં મળતાં દુહાઓમાં આનાં બે રૂપાંતર મળે છે. એનું એક સામાન્ય રૂપાંતર આ છે—

'કામન કાગ ઊડાવતી, પિયુ આયો ઝબકાં;
આધી ચૂડી કર લગી, આધી ગઇ તડકાં'.

આજ દુહાનું એક બીજું ચમત્કૃતિપૂર્ણ રૂપાંતર મળે છે. એમાં અડધી ચૂડીઓ વિરહને કારણે ક્ષીણદેહ થવાથી જમીન પર પડી ગઈ એવું દર્શાવવાને બદલે કવિએ દર્શાવ્યું છે કે અડધી કાગડાના ગળામાં પરોવાઇ ગઇ. બાકીની અડધી ચૂડીઓ ભાંગીને ભોંય પર પડી.

'કાગ ઊડાવણ ધણુ ખડી, આયો પીવ ભડક્ક;
આધી ચૂડી કાગ–ગલ, આધી ભુંય તડક્ક !'

અપભ્રંશ વ્યાકરણમાં મળતા દુહાઓમાં કાવ્યસૌંદર્ય, ભાવવૈવિધ્ય અને ભારોભાર કવિત્વ છે. આ દુહાઓ દ્વારા એ સમયના લોકસાહિત્યની અનુપમ ઝાંખી થાય છે.

અપભ્રંશ ભાષાનું વિસ્તૃત અનુશાસન રચનાર હેમચંદ્રાચાર્ય સૌપ્રથમ છે. તેમણે ભિન્ન ભિન્ન પ્રદેશોમાં પ્રચલિત ઉપભાષા અને વિભાષાઓનું સંવિધાન દર્શાવીને અપભ્રંશ ભાષાનો પરિચય આપ્યો છે. હેમચંદ્રાચાર્યના સમય પછી ઉત્તર ભારતમાં સંસ્કૃત શબ્દાનુશાસનનો કાળ લગભગ સમાપ્ત થઇ ગયો. 'સિદ્ધહેમશબ્દાનુશાસન' અને 'દેશીનામવાળા'ને જોતાં હેમચંદ્રાચાર્યને આપણે અપભ્રંશ ભાષાના પાણિનિ કહી શકીએ.

ગુર્જરભૂમિના જ્ઞાનદીપને પ્રજ્વલિત કરવા માંગતા કળિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની દૃષ્ટિ વ્યાકરણ પછી કોશ તરફ ગઇ. ભાષાનો અભ્યાસ સુગમ બને અને વ્યાકરણનું જ્ઞાન સક્રિય બને તે માટે એમને કોશની જરૂર લાગી. માત્ર વિદ્યાર્થીઓ કે અભ્યાસીઓ જ નહીં, પરંતુ વિદ્વાનો માટે પણ કોશ જરૂરી જ્ઞાનસાધન છે. આ વિશે હેમચંદ્રાચાર્ય કહે છે :

कोशस्येव महीपानां कोशस्य विदुषामपि ।
उपयोगो महान् यस्मात् क्लेशस्तेन विना भवेत् ॥

"રાજાઓને (દ્રવ્ય) કોશનો અને વિદ્વાનોને પણ (શબ્દ) કોશનો ઘણો ઉપયોગ હોય છે. તેના વિના તે બંનેને અત્યંત વિટંબણા પડે છે."[૧૭]

હેમચંદ્રાચાર્યે 'અભિધાનચિંતામણિ', 'અનેકાર્થસંગ્રહ' અને 'નિઘંટુશેષ'—એમ ત્રણ સંસ્કૃત ભાષાના કોશ રચ્યા છે. પ્રાકૃત–દેશ્ય ભાષાના જ્ઞાન માટે 'દેશીનામમાળા' અને 'રયણાવલિ'ની રચના કરી છે. 'અભિધાનચિંતામણિ' એ ઇતિહાસ અને ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ અત્યંત મૂલ્યવાન બની રહે તેવો કોશગ્રંથ છે. આમાં હેમચંદ્રાચાર્યે કવિઓ દ્વારા પ્રચલિત અને પ્રયુક્ત શબ્દોનો સુંદર આલેખ આપ્યો છે. વળી સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ આ કોશની સામગ્રી અભ્યાસીઓને ઉપયોગી છે. આમાં એવા અનેક શબ્દો મળે છે, જે અન્ય કોશમાં પ્રાપ્ત થતાં નથી. 'અમરકોશ'ને લક્ષમાં રાખીને એક અર્થવાળા સમાન શબ્દો આપવા માટે હેમચંદ્રાચાર્યે 'અભિધાનચિંતામણિ'ની રચના કરી. જો કે 'અમરકોશ' કરતાં દોઢ ગણી શબ્દસંખ્યા આમાં સાંપડે છે. વળી પર્યાયવાચી શબ્દો પણ 'અમરકોશ' કરતાં વધુ મળે છે. 'અમરકોશ'માં સૂર્યના ૩૭ પર્યાય, કિરણના ૧૧ પર્યાય, ચંદ્રના ૨૦ પર્યાય, શિવના ૪૮ પર્યાય, બ્રહ્માના ૨૦ પર્યાય, વિષ્ણુના ૩૬ અને અગ્નિનાં ૩૪ પર્યાયવાચી નામ મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યારે 'અભિધાનચિંતામણિ'માં સૂર્યના ૭૨, કિરણના ૩૬, ચંદ્રના ૩૨, શિવના ૧૭૭, બ્રહ્માના ૪૦, વિષ્ણુના ૭૫ અને અગ્નિનાં ૫૧ પર્યાયો ઉપલબ્ધ છે. આ રીતે આ ગ્રંથની રચના દ્વારા હેમચંદ્રાચાર્યે સંસ્કૃત સાહિત્યના શબ્દકોશમાં વિપુલ વૃદ્ધિ કરી છે.

'અભિધાનચિંતામણિ'ની કુલ શ્લોકસંખ્યા ૧૫૪૧ છે, પરંતુ ટીકા સાથે તેની શ્લોકસંખ્યા કુલ દસ હજારની થાય. આ ગ્રંથના છ કાંડ મળે છે. પ્રથમ કાંડમાં દેવાધિદેવ, બીજા કાંડમાં દેવ, ત્રીજામાં મનુષ્ય, ચોથામાં તિર્યંચો, પાંચમામાં નારકીના જીવો અને છઠ્ઠામાં સર્વસામાન્ય એવા એક અર્થવાચી શબ્દોનો સંગ્રહ છે. આમાં યૌગિક, મિશ્ર અને રૂઢ શબ્દો સ્પષ્ટ કર્યા છે. કોશના આરંભના શ્લોકમાં પોતાની આ યોજના વિશે હેમચંદ્રાચાર્ય કહે છે—

'प्रणिपत्यार्हतः सिद्धसाङ्गशब्दानुशासनः
रूढयौगिकमिश्राणां नाम्नां मालां तनोम्यहम् ॥

'અર્હંતોને નમસ્કાર કરીને, પાંચેય અંગ સહિત શબ્દાનુશાસન પ્રતિષ્ઠા પામ્યા પછી, રૂઢ, વ્યુત્પત્તિ-સિદ્ધ અને મિશ્ર નામોની માલાને હું વિસ્તારું છું.'

શબ્દશાસ્ત્ર માટે ઉપયોગી એવો આ ગ્રંથ અર્વાચીન દશ્ય ભાષાના અભ્યાસ માટે એટલો જ આવશ્યક છે. વળી એને સંપૂર્ણ બનાવવા માટે હેમચંદ્રાચાર્યે એમાં છેક સુધી ઉમેરા અને સુધારા કર્યા છે. સંસ્કૃત ભાષાના વિદ્વાનોમાં 'અભિધાન-ચિંતામણિ'ને આદર પ્રાપ્ત થયો. ઐતિહાસિક દૃષ્ટિએ આમાંથી ઘણી સામગ્રી પ્રાપ્ત થાય તેમ છે. આના ઉદાહરણ રૂપે આમાંથી મળતી ઋતુઓ અને તોલમાપ વિશેની માહિતી ઘણી રસપ્રદ છે. ભારતીય સમાજમાં વર્ણસંકરતાની વિગત પણ આમાંથી મળે છે. જેમ કે પિતા બ્રાહ્મણ અને માતા ક્ષત્રિય હોય તો એના સંતાનની જાતિ **'मुर्धावसिकत'** કહેવાય એ જ રીતે પિતા શુદ્ર અને માતા બ્રાહ્મણી હોય તો સંતાનની જાતિ **'चांडाल'** કહેવાય આ રીતે સમાજશાસ્ત્રીય અભ્યાસ માટે પણ આ કોશમાંથી મળતી સામગ્રી ઉપયોગી બની રહે છે. વળી આમાંના કેટલાક શબ્દો આધુ-નિક ભાષામાં ઉતરી આવેલા હોવાથી પણ આ કોશ મહત્ત્વનો ગણાય હેમચંદ્રાચાર્ય શબ્દજ્ઞાનનું મહત્ત્વ જાણતા હોવાથી એમણે આવો વિશાળ પર્યાયવાચી કોશ તૈયાર કર્યો. એમણે પોતે આ કોશમાં એક સ્થળે નોંધ્યું છે.

वक्तृत्वं च कवित्वं च विद्वत्तायाः फलं विदुः
शब्दज्ञानादते तन्न द्वयमप्युपपद्यते ।

'બુધજનો વક્તૃત્વ અને કવિત્વને વિદ્વત્તાના ફળરૂપે જણાવે છે; પણ એ બે શબ્દજ્ઞાન વિના સિદ્ધ થઈ શકતા નથી.'

'અભિધાનચિંતામણિ' પછી શબ્દજ્ઞાનની મહત્તા જાણનારા હેમચંદ્રાચાર્યે 'અનેકાર્થસંગ્રહ'ની રચના કરી. 'અભિધાનચિંતામણિ'માં એક અર્થના અનેક શબ્દોનો કોશ આપવામાં આવ્યો હતો. જ્યારે 'અનેકાર્થસંગ્રહ'માં એક શબ્દના અનેક અર્થનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમ કે, **क** નો અર્થ બ્રહ્મા, આત્મા, રવિ, મયુર, અગ્નિ, યમ અને વાયુ થાય છે. આ દૃષ્ટિએ 'અભિધાનચિંતામણિ' અને 'અનેકાર્થસંગ્રહ' પરસ્પરના પૂરક ગણાય. સાત કાંડમાં વહેંચાયેલા આ કોશની કુલ શ્લોકસંખ્યા ૧૮૨૯ છે. એના છ કાંડમાં ૧૭૬૯ શ્લોક મળે છે. અને એ પછી સાતમો અવ્યયકાંડ મળે છે. આ સાઠ શ્લોકના અવ્યયકાંડને 'અનેકાર્થશેષ' તરીકે ઉમેર-વામાં આવ્યો છે 'અભિધાનચિંતામણિ'માં પણ છેલ્લે 'શેષ' ઉમેરવામાં આવ્યો હતો તે મુજબ અહીં પણ આવું છેલ્લે ઉમેરણ મળે છે. આ ગ્રંથમાં મળતા કેટલાય શબ્દો અર્વાચીન ભાષામાં ઉતરી આવ્યા છે. ગુજરાતી ભાષાના અભ્યાસીઓને પણ આ ગ્રંથના શબ્દો ઘણી સામગ્રી પૂરી પાડે તેમ છે. 'અનેકાર્થસંગ્રહ'માં **निश्रेणि, पुलाक, टङ्क** મળે છે. આમાંથી ગુજરાતી ભાષામાં નીસરણી, પુલાવ, ટાંકો જેવા શબ્દો ઉતરી આવ્યાનું વિચારી શકાય આ ગ્રંથ પર **अनेकार्थ कैरवाकरकौमुदी** નામની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ટીકા મળે છે. એ પ્રથમના કાંડની પુષ્પિકા જોતાં એમ લાગે કે આની રચના ખુદ હેમચંદ્રાચાર્યે કરી છે; પરંતુ એના બીજા કાંડની ટીકાને અંતે મળતા કેટલાક પુષ્પિકાશ્લોકમાં લખ્યું છે.

'श्रीहेमसूरिशिष्येण श्रीमन्महेन्द्रसूरिणा
भक्तिनिष्ठेन टीकैषा तन्नाम्नैव प्रतिष्ठित ॥

આ શ્લોક પરથી એ સ્પષ્ટ થાય છે કે હેમચંદ્રાચાર્યના શિષ્ય મહેન્દ્રસૂરિએ આ ટીકા લખી છે અને ભક્તિપૂર્વક પોતાના ગુરુના નામ પર ચઢાવી દીધી હતી.

હેમચંદ્રાચાર્યની કોશપ્રવૃત્તિનું અંતિમ ફળ છે 'निघंटुशेष'. 'अभिधानचिंतामणि', 'अनेकार्थसंग्रह' જેવા સંસ્કૃત કોશ અને 'देशिनाममाळा' જેવા દેશ્ય ભાષાના કોશની રચના કર્યા પછી હેમચંદ્રાચાર્યે 'निघंटुशेष'ની રચના કરી. 'अनेकार्थसंग्रह'ની ટીકામાં મહેન્દ્રસૂરિએ એવો ઉલ્લેખ કર્યો છે કે પોતાના ગુરુ હેમચંદ્રાચાર્ય પાસે વિશાળ ગ્રંથસંગ્રહ હતો અને તેમાં ધન્વંતરિનો 'निघंटु' ગ્રંથ પણ હતો. 'निघंटुशेष'ના છ કાંડ મળે છે અને આ એક પ્રકારનો વૈદકશાસ્ત્રને માટે ઉપયોગી એવો વનસ્પતિકોશ છે. આ કોશ છ કાંડમાં વહેંચાયેલો છે અને તેની કુલ શ્લોકસંખ્યા ૩૯૬ છે. આ કોશમાં વૃક્ષ, ગુલ્મ, લતા, શાક, તૃણ અને ધાન્ય એમ છ કાંડ છે. ક્રમશઃ કાંડના શ્લોકોની સંખ્યા ઓછી થતી જાય છે. પ્રથમ **वृक्षकाण्ड**ःની શ્લોકસંખ્યા ૧૮૧, દ્વિતીય **गुल्मकाण्ड**ःની સંખ્યા ૧૦૫, તૃતીય **लताकाण्ड**ःની શ્લોકસંખ્યા ૪૪, ચતુર્થ **शाककाण्ड**ःની શ્લોકસંખ્યા ૨૪, પાંચમાં **तृणकाण्ड**ःની શ્લોકસંખ્યા ૧૭ અને છઠ્ઠા **धान्यकाण्ड**ःની શ્લોકસંખ્યા ૧૫ છે હેમચંદ્રાચાર્યના બીજા કોશો જેટલો આ શબ્દકોશ જાણીતો બન્યો નથી.

ત્રણ સંસ્કૃત કોશોની રચના દ્વારા હેમચંદ્રાચાર્યે સંસ્કૃત શબ્દશાસ્ત્રને વ્યાપમાં લેવા પ્રયાસ કર્યો છે. કોશરચનાની પાછળ ગુજરાતના સરસ્વતી પૂજકોને સહાયરૂપ થવાની એમની ભાવના તરવરે છે. વળી ધન્વંતરિ, વ્યાડિ અને ધનપાલના કોશો કાળક્રમે નષ્ટ થયા. પરંતુ એનું દોહન આજે હેમચંદ્રાચાર્યના કોશ દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. એ દૃષ્ટિએ પણ આ શબ્દકોશનું મહત્ત્વ છે.

'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન'ના આઠમાં અધ્યાયમાં મળતા પ્રાકૃત વ્યાકરણને લક્ષમાં રાખીને હેમચંદ્રાચાર્યે 'દેશીનામમાલા'ની રચના કરી. વ્યાકરણના નિયમાનુસાર શબ્દો સિદ્ધ થતા ન હોય તેમ છતાં ભાષામાં પ્રયોજાતા હોય તેવા શબ્દોનો હેમચંદ્રાચાર્યે 'દેશીનામમાલા'માં સંગ્રહ કર્યો. સંસ્કૃત કે પ્રાકૃત સાથે સંબંધ ન ધરાવતા દેશ્ય ભાષાઓના શબ્દસંગ્રહ ઉપરાંત સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં કાલગ્રસ્ત અથવા તો તદ્દન અપરિચિત બની ગયેલા શબ્દો પણ આમાં સંગ્રહ પામ્યા છે. વળી જેના મૂળ વિશે સંશય હોય તેવા કેટલાક શબ્દોનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. કુલ ૭૮૩ ગાથામાં લગભગ ૩,૯૭૮ શબ્દો આ કોશમાં સંગ્રહિત થયા છે.

ગ્રંથની વૃત્તિમાં મળતી કુમારપાળની પ્રશસ્તિની ૧૦૫ ઉદાહરણ ગાથાઓ એવો સંકેત આપે છે કે રાજવી તરીકે કુમારપાળનું વર્ચસ્વ પ્રવર્તતું હતું તે સમયે આ ગ્રંથની રચના થઈ છે. નોંધપાત્ર બાબત એ છે કે આમાં જયસિંહ સિદ્ધરાજ માટે લખેલી ગાથાઓ બહુ ઓછી છે. ચૌલુક્ય તરીકે કુમારપાળને સંબોધન કરીને એની પ્રશસ્તિ કરતાં શ્રી હેમચંદ્રાચાર્ય કહે છે :

कासिज्जदेमलुंटणकाहारा णिज्जमाणकणयाइं
कासारा व वुहाण अकारिमं देसि चालुक्क ॥

(દે. ના. મા. ૨. ૨૮.)

'કાસિજ્જ (કાકસ્થલ નામે પ્રદેશ) દેશ લૂંટી પંખાલવાળાઓ મારફતે આણેલા સુવર્ણને જાણે સામાન્ય સીસાનાં પતરાં હોય તેમ હે ચૌલુક્ય, તું વિદ્વજ્જનોને આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ ગ્રંથના 'રયણાવલિ', 'દેશીસદ્દસંગ્રહો' 'દેશીનામમાલા' અને 'દેશીશબ્દસંગ્રહ' જેવા નામો મળે છે. આમાં કુલ ૩૯૭૮ શબ્દો આપવામાં આવ્યા છે, જેમાં ૧૦૦ તત્સમ શબ્દો. ૧૮૫૦ ગર્ભિત તદ્‌ભવ શબ્દો, ૫૨૮ સંશયયુક્ત તદ્‌ભવ શબ્દો અને ૧૫૦૦ દેશી શબ્દો છે.[૮] 'દેશી-નામમાલા'નું સંશોધન સૌ પ્રથમ ડો. બુલ્હરે કર્યું. કળિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની પાસે અનેક દેશ્ય કોશો હતા અને એ કોશોનો ઉલ્લેખ એની વૃત્તિમાં મળે છે. આમ છતાં અત્યારે તો હેમચંદ્રાચાર્યનો 'દેશીનામમાલા' એ એકલો જ સારો કોશ ગણી શકાય. કળિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે 'દેશીનામમાલા'માં અભિમાનચિહ્ન, ગોપાલ, દેવરાજ, દ્રોણ, ધનપાલ, પાદલિપ્તાચાર્ય, રાહુલક અને શીલાંક જેવા કોશ-કારોનો ઉલ્લેખ કર્યો છે. પ્રાકૃત ભાષામાં વપરાતા દેશ્ય શબ્દોના અર્થનિર્ણય માટે આ ગ્રંથ અત્યંત ઉપયોગી છે. આ કૃતિની રચના દ્વારા હેમચંદ્રાચાર્યે એકલે હાથે એક નવા યુગનો આરંભ કર્યો. આ 'દેશીનામમાલા' મારફતે કેટલાક ગુજરાતી શબ્દોની પ્રાચીનતા પણ સિદ્ધ થાય તેમ છે. આથી ગુજરાતી ભાષાના અભ્યાસીને માટે એનું પરિશીલન શબ્દો[૧૯] અંગે નવી ક્ષિતિજો ઉઘાડનારું બની રહે.* આ ગ્રંથ તુલનાત્મક ભાષાશાસ્ત્રીઓને માટે મૂલ્યવાન બન્યો છે; શબ્દોનું વ્યાપક સંકલન અને સાહિત્ય-સૌંદર્ય ધરાવતાં ઉદાહરણોથી ધ્યાન ખેંચતા આ કોશનું એ રીતે ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ભાષાશાસ્ત્રીય મહત્ત્વ છે.

(ક્રમશઃ)

* જેમાંના કેટલાક શબ્દો જોઇએ. **उंड**=ઊંડું, **उल्लट**=ઊલટું, **उत्थल्ला**=ઊથલો, **गग्घर**=ઘાઘરો, **खोडो**=ખોડો, **खवओ**=ખભો, **ओड्ढण**=ઓઢણી, **उद्देही**=ઉધેઈ, **गंडीरी**=ગંડેરી, **खिज्जिय**=ખીજ, **खट्टिको**=ખાટકી, **उक्कुरूडी**=ઉકરડી, **उडिदो**=અડદ, **खडक्की**=ખડકી, **गढो**=ગઢ.

સંદર્ભસૂચિ

૯ સોમપ્રભવિરચિત સ્વોપજ્ઞવૃત્તિયુક્ત શતાર્થકાવ્યઃ (પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રંથાવલિ : ગ્રંથ-૨, મુનિશ્રી ચતુરવિજય સંપાદિત : પ્રકાશ સારાભાઈ નવાબ) પૃ. ૧૨૪

૧૦ 'The Life of Hemachandracharya' by Professor Dr G. Buhler, forward, P. XIV

૧૧ 'શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની કૃતિઓ', લે. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા, 'શ્રી હૈમ સારસ્વત સત્ર : અહેવાલ અને નિબંધસંગ્રહ' પૃ. ૧૭૯

૧૨ એજન, પૃ. ૧૮૦.

૧૩ 'The Life ot Hemachandracharya' by Prof. Dr G. Buhler, forward, P. XIV

૧૪ 'પ્રાચીન ગુજરાતી છંદો' એક ઐતિહાસિક સમાલોચના, લે. રામનારાયણ વિ. પાઠક

૧૫ **'આચાર્ય હેમચંદ્ર' લે. ડો. વિ. ભા. મુસલગાંવકર** પૃ. ૧૦૦

૧૬ 'સિદ્ધહેમગત અપભ્રંશ વ્યાકરણ' સંપા. હરિવલ્લભ ભાયાણી, પૃ. ૨૨.

૧૭ 'હેમસમીક્ષા', લે. મધુસૂદન મોદી, પૃ. ૬૭.

૧૮ 'The De'sinamamala of Hemachandra' by R. Pischel, Introduction II, P. 31.

૧૯ 'The De'sinamamala of Hemachandra', by R.Pischel, Glossary, P 1-92

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવનગરના આંગણે ગુજરાતી સાહિત્ય પરિષદના જ્ઞાનસત્રનો થયેલ રંગદર્શી પ્રારંભ

ગુજરાતી સાહિત્ય પરિષદ

* તા. ૨૪–૧૨–૮૮ના રોજ સવારે ૯–૦૦ વાગે જ્ઞાનસત્રનો આરંભ થયો. મહેમાનોનું ગાડામાં બેસાડીને ભાતીગળ સ્વાગત કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના કલાકારોની દાંડીયારાસની ટુકડી દાંડીયારાસ સાથે ઢોલ શરણાઇની સુરાવલિ વચ્ચે મહેમાનોને ઝવેરચંદ મેઘાણી મંચ તરફ દોરી ગઈ હતી.

* મંચ સ્થળે મહેમાનોને ચા–નાસ્તા માટે યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિદ્યાર્થીઓએ નહી નફો નહી નુકશાનના ધોરણે એક ખાસ કક્ષ ઉભો કર્યો છે.

* ભાવનગર ક્ષેત્રના સૂખ્યાત સાહિત્યકારો સ્વ. કવિકાન્ત, કવિ શ્રી ત્રાપજકર, સ્વ. કવિ શ્રી પ્રહ્લાદ પારેખ વગેરેના નામ સાથે કવિકાન્તનગરમાં જુદા જુદા દ્વારો જોડવામાં આવ્યા છે.

* હાસ્યકવિ શ્રી એન. પી. બૂચે પારિતોષિક પ્રાપ્તિના પ્રત્યુતરમાં આ સન્માનને હાસ્યના મૂડમાં 'આઘાત જનક' પરંતુ આનંદપ્રદ લેખાવ્યું હતું.

ભાવનગર યુનિવર્સિટીના નિમંત્રણથી આજે અહિં ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૫માં જ્ઞાનસત્રનો રંગદર્શી વાતાવરણમાં સાહિત્ય પરિષદના પ્રમુખ ડો. ભોગીલાલ સાંડેસરાના પ્રમુખસ્થાને મરાઠી સાહિત્યના આગલી હરોળના સાહિત્યકાર કવિશ્રી મંગેશ પાડગાંવકરે પ્રારંભ કરાવ્યો હતો.

આજે કવિકાન્તનગરમાં આ જ્ઞાનસત્રમાં ભાગલેવા ૪૦૦થી વધુ ડેલીગેટો ગુજરાતની બહારથી આવ્યા હતા. ઉદ્‌ઘાટકીય બેઠકમાં પંદરથી વધુ સાહિત્યકારો સાહિત્યરસિકો અને સ્વાગત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી મંગેશ પાડગાંવકરે પોતે મરાઠી ભાષાના હોવા છતાં મરાઠી કે હિન્દી ભાષાના વકતવ્ય આપવાને બદલે ગુજરાતી ભાષામાં પોતાનું ઉદ્‌ઘાટન પ્રવચન આપતા સ્વાનુભાવની વાત કરતા કહ્યું કે, આપણે બધા લેખકો કવિઓ ભાષાના માધ્યમથી આપણાં અનુભવો વ્યકત કરીએ છીએ, તેને કલારૂપ આપીએ છીએ. ભાષા અનેક છે. તેથી, એક ભાષાના લેખકને બીજી ભાષાના લેખક સાથે સંવાદ સાધવામાં મુશ્કેલી પડે છે.

મને જ્યારે આ મુશ્કેલી પડે છે ત્યારે કવિ ઉમાશંકર જોશી મારી મદદે દોડી આવે છે. ઉમાશંકર જોશીએ કહ્યું છેઃ "કવિતા આત્માની માતૃભાષા છે" હું કવિ હોવાથી હું મરાઠી ભાષામાં લખતો હોઉ તો પણ. છેવટે તો હું આત્માની માતૃભાષામાં જ બોલતો હોઉં છું એટલે કે, ભાષાની મુશ્કેલી ઓળંગી હોય છે. તેથી જ અહીં આજે હું આત્મભાષિકોનાં મેળામાં એક ઊંડા આત્મવિશ્વાસથી ઉભો છું.

કવિતા ભાષા દ્વારા વ્યકત થાય છે એજ ભાષા આપણે વ્યાવહારિક ઉપયોગ માટે વાપરતા હોઈએ છીએ પણ જ્યારે આપણે કવિતાનો અનુભવ લઇએ છીએ ત્યારે વ્યાવહારિક ઉપયોગથી પર એવો એક જુદો સંબંધ આપણે ભાષા સાથે જોડીએ છીએ.

કવિતા લખતો હોય છે ત્યારે કવિતા દ્વારા વ્યકત થવા મથતા અનુભવ અને ભાષા આ બંને દ્વારા કવિ આ નિર્મિતિની શોધ કરતો હોય છે. અનુભવ, ભાષા અને નિર્મિત આ ત્રિપાર્શ્વ શોધનો પરિપાક એટલે જ કવિતાનો આકાર ! સર્વસામાન્ય અર્થમાં બીજા માણસોને અનુભવ થાય છે. એવો જ કવિને પણ જીવનનો અનુભવ થાય છે. એકાદ વસ્તુનો આકાર આપણે હાથથી સ્પર્શીને જોઇએ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ રીતે જ કવિ પોતાના અનુભવના કલાત્મક આકાર ભાગોના હાથથી સ્પર્શીને જુએ છે. કવિ પોતાના અનુભવની આંતરિક રચના નિહાળતો હોય છે, ત્યારે જ કવિતાની ભાષા આકાર લેતી હોય છે.

તેમણે કવિઓને એ પ્રત્યે જાગૃત રહેવા શીખ આપી હતી, આપણી કવિતા કોઇ પણ ઢાંચામાં ભરાઈ ન પડે, જીવન જેવી જ તે પ્રવાહી અને ચૈતન્યશીલ રહેવી જોઈએ એવી જાગૃકતા જેમ સારા કવિમાં હોવી જરૂરી છે, તે જ રીતે સારા ભાવકમાં પણ કાવ્યાનુભવની બાબતમાં હોવી જરૂરી છે. શ્રી પાડગાંવકરે મુર્ધન્ય સાહિત્યકાર કવિ શ્રી ઉમાશંકર જોશીને મરાઠી ભાષામાં અંજલિ આપી કહ્યું કે, તેઓ ગુજરાતી અને અન્ય ભાષી સાહિત્યકારો વચ્ચે સેતુરૂપ હતા.

સ્વાગત પ્રમુખ શ્રી ડોલરભાઈ વસાવડાએ પોતાના સ્વાગત પ્રવચનમાં છ દાયકા પછી યોજાતા આ જ્ઞાનસત્રમાં સંસ્કાર અને સાહિત્યભૂમિ ભાવનગરનો મોટો ફાળો છે તેમ જણાવી ઉમેર્યું હતું કે સન્નતું સાહિત્ય જન સમાજની આરસી છે માનવ સંબંધો જીવનના દૃષ્ટિકોણ, વિશ્વની ગતિ વિધિઓ, વિશ્વસાહિત્યના પ્રવાહો વગેરેના કારણે અસ્તિત્વના પ્રશ્નોથી આજે માનવ ચિંતિત છે ત્યારે સાહિત્યકારોનું શું કર્તવ્ય છે તે અંગે સાહિત્યકારો ચર્ચા વિચારણા કરી કંઇક નવી સમજ અને પરિણામ લાવશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. તેમણે ભાવનગર યુનિવર્સિટી અત્યારે વિકાસોન્મુખ બની છે ત્યારે ગુજરાતી સાહિત્યની દિશામાં તમામ શકયતાઓ આંબવાનો સંકલ્પ પણ દોહરાવ્યો હતો.

સમારંભના પ્રમુખસ્થાનેથી બોલતા ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી ભોગીલાલ સાંડેસરાએ પુરસ્કૃત સાહિત્યકારોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે સાહિત્યમાં વિવિધ પ્રકારો, વિષયો અને વિશિષ્ટ કાર્યો માટે પુરસ્કારો અપાયેલા છે. તેમાં કદર અને રસની ભાવના વ્યક્ત થઇ છે, આપણી ભાષા સમૃદ્ધ બને તે હેતુ પણ રહ્યો છે.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને જે પુરસ્કાર મળ્યા છે તેઓ તેમના જીવનક્ષેત્રમાં ઉત્તમ અને નક્કર પુરવાર થાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

આરંભમાં મૂર્ધન્ય કવિ સ્વર્ગસ્થ ઉમાશંકર જોશીના અવસાન પરત્વે પરિષદે શોક ઠરાવ પસાર કરી મૌનાંજલિ અર્પણ કરી હતી. બાદમાં યુનિવર્સિટીના કોરસગૃપના સ્વાગત ગીત સાથે જ્ઞાનસત્રનો આરંભ થયો હતો.

ગત વર્ષ દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદે કરેલી પ્રવૃત્તિઓનો અહેવાલ પરિષદના મંત્રી ભોળાભાઇ પટેલે આપી ઉમેર્યું હતું કે આવતા વર્ષે ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન રાજકોટમાં યોજાશે.

આ પ્રસંગે ભાવનગરની કલા સાંસ્કૃતિક ઇતિહાસ, સાહિત્ય અને વાણિજ્યક બાબતોની અસ્મિતાની ઝાંખી કરાવતા ચાર ગ્રંથો તથા સ્મરણીકા 'ભાવરૂપ'નું પણ શ્રી મંગેશ પાડગાંવકરે વિમોચન કર્યું હતું.

દર બે વર્ષે ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી અપાતા વિવિધ પારિતોષિકોની જાહેરાત શ્રી પ્રિયકાંત પરીખે કરી હતી અને ઉપસ્થિત સાહિત્યકારોને પરિષદના પ્રમુખશ્રીના હસ્તે પારિતોષિકો એનાયત થયા હતા. ઇનામ વિજેતાઓએ આ પ્રસંગે સન્માનના પ્રતિસાદ આપ્યા હતા.

શ્રી નગીનદાસ પારેખની પુરસ્કૃત કૃતિ ગાંધીજી કેટલાક સ્વાધ્યાય લેખો વિશે ડો. દિલાવરસિંહ જાડેજાએ વકતવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. વિનોદ જોષીએ કર્યું હતું અને આભારવિધિ ડો. ઇશ્વરભાઇ દવેએ કરી હતી.

આ પ્રસંગે શ્રી જયંત વનાણી ધારાસભ્યો શ્રી દિગંત ઓઝા, શ્રી દિલીપસિંહ ગોહિલ, શ્રી પ્રતાપભાઈ શાહ, શ્રી મનુભાઇ પંચોળી, શ્રી જયેન્દ્રભાઇ ત્રિવેદી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાપ્રભાવક જૈનાચાર્ય શ્રી બપ્પભટ્ટસૂરીજી

(લેખક : રાયચંદ મગનલાલ શાહ)

લગભગ ૧૨૦૦ વરસ પહેલાની વાત છે. આપણા દેશમાં જ્ઞાન અને જ્ઞાનીઓથી, સંતો અને ઋષિજનોથી અધ્યાત્મ પ્રેમીઓ વિદ્વાનો અને પંડીતોથી આ દેશની કીર્તિ–ગૌરવ જગતમાં ગાજતી હતી. ધન કરતાં ધર્મની કીંમત ઘણી વધુ હતી. ધર્મીજનોનું, જ્ઞાનીઓનું અને સંત મહાત્માઓનું સન્માન થતું. અને પૂજા થતી–પ્રજાનું મસ્તક ઉન્નત રહેતું. આવા એક સમયમાં વિ. સં. ૮૦૦ના ભાદરવા શુદિ ૧૩ના મંગળ દિને પરમ પ્રભાવક આચાર્ય ભગવંતશ્રી બપ્પભટ્ટસૂરિનો જન્મ થયો હતો.

કેટલાક ઐતિહાસિક પુરાવા અનુસાર શ્રી પ્રભાવક ચરિત્ર, ઉપદેશ પ્રાસાદ, બપ્પભટ્ટસૂરિ ચરિત્ર જેવા ગ્રંથોના આધારે ખાત્રી થાય છે કે બનાસકાંઠામાં "ધાનેરા" પાસે આવેલા "ડુવા" નામનું એક નાનુ ગામડુ હાલમાં છે. જ્યાં સંપ્રતિ રાજાના સમયની મહા ચમત્કારિક શ્રી અમીજરા પાર્શ્વનાથની પ્રતિમા જેમાં બીરાજમાન છે. એવું એક ભવ્ય જિન મંદીર આવેલું છે. ભૂતકાળમાં જૈનોની સારી સંખ્યા આ નગરમાં હશે. કાળક્રમે હાલમાં બહુ થોડી સંખ્યા છે.

ગામ નાનું છે પણ પૂરાતત્વ અને ઇતિહાસની દૃષ્ટિએ આ સ્થાનનું મહત્વ ઘણું છે. કારણ કે જૈન ધર્મના એક મહાન જ્યોતિર્ધર મહાજ્ઞાની પ્રભાવક આચાર્ય શ્રી બપ્પભટ્ટસૂરિશ્વરજીનો જન્મ આ સ્થાનમાં થયો હતો.

એમના પિતાનું નામ "બપ્પ" હતુ અને માતાનું નામ ભટ્ટી હતું. જાતે પાંચાલ વંશના ક્ષત્રિય હતા. દેવના જેવો તેજસ્વી હોવાથી બાળકનું નામ "સુરપાલ" પાડયું હતું. પુત્રના લક્ષણ પારણામાંથી વરતાય એમ સુરપાલનું બાળવયમાંથી જ બુદ્ધિ ચાતુર્ય, સૌથી વિશિષ્ટ પ્રકારનું જુદુજ તરી આવતુ. એના અસાધારણ ગુણોને લઇને બધાને બહુજ વ્હાલો થઇ પડયો હતો. એની વયના પ્રમાણમાં એનું ડહાપણ શાણપણ વિચારો અનેરા જ દેખાતા હોવાથી સર્વને આશ્ચર્ય પમાડતો હતો જાણે કે પૂર્વના અનેક ભવોની સાધના કરેલ કોઇ સાધક આ બાળક દેખાતો હોય નહિં.!!

ભાગ્યશાળીને ત્યાં ભૂત રળે એ કહેવત સાચી પડતી હોય એમ એક મહા પ્રભાવિક આચાર્ય ભગવંત શ્રી સિદ્ધસેનસૂરીશ્વરજી આવી ચડયા. સુરપાળને આચાર્યશ્રીના દર્શન થયા. જોતાંની સાથે જ મસ્તક ઝૂકી પડયું. અંતરમાં અનેરા પૂજ્ય ભાવ પ્રગટ થયા. એવીજ રીતે બાળકને જોઇને એના લલાટનું તેજ, પ્રભાવશાળી ગૌર વદન અને બોલે તો અમી ઝરે એવી મધુરવાણી પૂર્વ ભવનો મહા પુણ્યશાળી આત્મા જોતાં જ આચાર્યશ્રીને પણ બાળક પ્રત્યે ભાવીમાં કોઇ મહાન સિતારો શાસનનો થઇ શકે એવા લક્ષણો જોયા અને પ્રેમ–વાત્સલ્ય ઉભરાયું.

અને થયું પણ એવું જ કે આચાર્યશ્રીની વૈરાગ્યવાણી સાંભળતાં સાંભળતાં બાળકને સંયમ–દીક્ષા લેવાની ભાવના જાગી. બસ ! મારે તો જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરવી છે. આ સંસારમાં રહેવું નથી જ.

માત્ર સાત જ વરસની ઉંમરનો ક્ષત્રીય કુળમાં જન્મેલો એકનો એક પુત્ર મહા બુદ્ધિમાન મહાચતુર અને મહા તેજસ્વી બાળક સાધુને સોંપવાની જીગર કયા મા બાપની ચાલે ? તેમ છતાં બાળકના મનની દૃઢતા અને ગુરૂદેવનું સમજાવવું એટલું જ નહીં જનતાનો અભિપ્રાય કે આ બાળક આચાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવને સોંપવાથી જગતનું કલ્યાણ કરનારો મહા-પુરૂષ બનશે. માતા પિતાએ પણ રાજીખુશીથી રજા આપી.

વિ. સં. ૮૦૭ માં સાત વરસની ઉંમરે સુર-પાલે દીક્ષા અંગીકાર કરી એનું નામ "મુનિશ્રી ભદ્રકીર્તિ" રાખવામાં આવ્યું.

એની ચમત્કારિક તીવ્રયાદ શક્તિ, માત્ર એક-જવાર સાંભળે અને યાદ રહી જાય એવી સ્મરણ-શક્તિના કારણે શાસ્ત્રો, ભાષાઓ, અન્ય ધર્મના શાસ્ત્રો, વેદાંત આદીમાં ટૂંક સમયમાં પારંગત થઇ ગયા. જાણે કે પૂર્વભવથી જ બધુ લઇને આવ્યા હોય એમ બાલ વયમાંજ મહાજ્ઞાની થઇ ગયા. કદાચ માન્યામાં ન આવે પણ અરેખર રોજના ૧૦૦૦ (એક હજાર) શ્લોક તો કંઠસ્થ કરી નાખતા. એટલું જ નહિ પણ તાત્વિક રીતે ઊંડામાં ઊંડુ રહસ્ય પ્રાપ્ત કરી અન્યને એ રહસ્ય સમજાવી શકતા.

એમનું ઊંડા રહસ્યપૂર્વકનું જ્ઞાન જોઇને ભલ-ભલા પંડિતોના મસ્તકો ઝૂકી પડતા. જેવું નામ એવા જ ગુણોને લીધે સમસ્ત ભારતમાં એમની કીર્તિનો ડંકો વાગતો હતો.

પુણ્યવંત આત્માને જ્યાં જાય ત્યાં રિદ્ધિ-સિદ્ધિ મળે. પ્રથમ આચાર્ય ભગવંત મળ્યા; પછી ચારિત્ર મળ્યું, પછી જ્ઞાન મળ્યું : હવે એક રાજવી ભકત મળ્યા.

મુનિરાજશ્રીને કાંઇ કારણસર બહાર જવાનું થયું. વરસાદનું આવવુ એટલે એક મંદિરમાં થોડીવાર માટે વિસામો–આશરો લેવા પ્રવેશ કર્યો. એ જ મંદિરમાં વરસાદને લીધે આશરો લેવા એક રાજકુંવરને જવાનું થયું. આ રાજકુમાર કાન્યકુબ્જ દેશનો પાટવી કુંવર "આમ" હતો. બાળ મુનીને જોતાં જ એના અંતરમાં પૂજ્યભાવ પ્રગટ થયા–વંદન કર્યા. વાતચીત કરવા માંડી ત્યાં તો મસ્તક ઝૂકી પડયું. ગુરૂદેવનું આટલી બાળ વયમાં અપૂર્વ જ્ઞાન જોતાં એણે નિશ્ચય કરી લીધો કે જીવનભર આ સાધુ જ મારા ગુરૂ માનીશ.

વરસાદ રહી ગયા પછી પૂજ્ય બાળમુનિ તથા રાજકુંવર "આમ" ગુરૂદેવ પાસે આવ્યા. પોતે પણ ભણવાની ભાવના પ્રગટ કરી–અને અભ્યાસ શરૂ કર્યો.

થોડા સમય બાદ કનોજથી મહામંત્રી વિગેરે રાજા આમને તેડવા આવ્યા. "પિતાશ્રી બીમાર છે. રોગ અસાધ્ય મનાય છે. પિતાશ્રી બોલાવે છે તો પધારો....! આપનો રાજ્યાભિષેક કરવાનો છે." એમ કહી રાજકુમારને વિનંતી કરી.

રાજકુમાર આમને બાળમુનિ સાથે એવી તો પ્રીતિ બંધાણી હતી કે બાળમુનિને છોડીને જવાનું ગમતુ નથી. મહામંત્રીએ આચાર્ય ભગવંતને વાત કરી. છેવટે આચાર્યશ્રીએ રાજકુમારને વચન આપ્યું "તમો જલ્દી જાઓ ! બાળમુનિ બાદ વિહાર કરતાં કરતાં કનોજ આવી પહોંચશે." પાછળથી બાળમુનિ અને બીજા સાધુઓ વિહાર કરી સમયસર કનોજ પહોંચી ગયા. રાજકુમારના પિતાશ્રી મહારાજા સાથે મેળાપ થયો રાજ્યાભિષેક થયો અને રાજા "આમ"-ની આણ પ્રસરી. રાજા "આમ" જૈનધર્મના રંગે રંગાએલો હતો. અહિંસા, દયા, કરૂણામય એનું દીલ હતું. પ્રત્યેક કામ ગુરૂદેવને પૂછીને જ કરતો ગુરૂદેવની આજ્ઞા મુજબ વર્તતો.

ગુરૂદેવ રાજસભામાં પધારતા પણ કોઈ ઊંચા આસન કે પાટ ઉપર બેસતા નહીં. આસનિયું પાથરીને બેસતા–રાજાએ સિંહાસન મંગાવ્યું ને બેસવા કહ્યું પણ ગુરૂદેવ કહે કે પાટ વિગેરે આસન ઉપર આચાર્ય ભગવંત જ બેસી શકે. હું તો હજુ નાનો સાધુ છું.

આમ રાજાએ આચાર્ય ભગવંત પાસે મંત્રીઓને મોકલી બાલ મુનિને આચાર્ય પદવી આપવા વિનંતિ કરી. સકળ સંઘે પણ વિનંતિ કરી. પાત્રતા તો હતી જ. અને આચાર્ય ભગવંતો બાળ મુનિને બોલાવી **વિ. સં. ૮૧૧ની સાલમાં માત્ર અગિઆર વરસનીજ ઉંમરમાં આચાર્ય પદથી વિભુષિત** કર્યા. અને મુનિ ભદ્રકીર્તિમાંથી આચાર્ય ભગવંત શ્રી **"બપ્પભટ્ટ સૂરીશ્વરજી"** એવું નામ ઘોષિત કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન ધર્મનો જયજયકાર વરતી રહ્યો. મહાત્મા બપ્પભટ્ટ સૂરી રાજ્ય ગુરૂ હોભા છતાં અભિમાનનો છાંટો પણ એનામાં ન હતો–ત્યાગ અને તપ એના રોમે રોમમાં વર્તતા હતા. જીવનભર જેણે છએ વિગયનો ત્યાગ કર્યો હતો. અનેક ગ્રંથોની રચના કરી હતી. રાજા આમને જૈન ધર્મી બનાવી ધર્મના શાસનના અનેક કાર્યો કર્યા હતા. અનેક વાદીઓના ગર્વને ઉતારી નાખવાથી "વાદી કુંજર કેસરી" બિરુદ ધરાવતા હતા. આવા એક મહા પ્રભાવક પુરૂષનો દેહ વિલય વિ. સં. ૮૯૫ના ભાદરવા શુદ ૮ના દિવસે પટણામાં થયો હતો. અને દેવલોક સીધાવ્યા હતા. એ મહાત્માને કોટી કોટી વંદન !!

અંતમાં સંશોધન કરનારા પુરાત્તવ વિદ્વો, વિદ્વાનો ઇતિહાસકારો તથા પૂજ્ય ગુરૂદેવોને નમ્રતા-પૂર્વક વિનંતિ કરૂ છું કે મહાપ્રભાવક જૈનાચાર્યશ્રી બપ્પભટ્ટસૂરીજીના જન્મ સ્થાનમાં એને અનુરૂપ સ્મારક કરે અને એમના જીવન કાર્યો સાહિત્ય ઇત્યાદી ઉપર સંશોધન કરી પ્રકાશ પાડે એજ વિનંતિ.

હેમચંદ્રાચાર્યના સમૃદ્ધ ગ્રંથોએ ગુજરાતને પ્રતિષ્ઠિત કર્યુ છે

–: નવમી શતાબ્દી નિમિત્તે પરિસંવાદ :–

લાલભાઇ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના ઉપક્રમે શ્રી હેમચંદ્રાચાર્યની નવમી શતાબ્દીને અનુલક્ષીને યોજાયેલા બે દિવસના પરિસંવાદનું આજે ઉદ્‌ઘાટન કરતાં ગુજરાત હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી એન. એચ. ભટે જણાવ્યું હતું કે, શ્રી હેમચંદ્રાચાર્યના વ્યકિતત્વમાં સત્યમ, શિવમ, સુંદરમનો સુભગ સમન્વય સધાયો હતો.

તેમણે જણાવ્યું હતું કે મહાન કવિ અને સાહિત્યકાર શ્રી હેમચંદ્રાચાર્યે અર્પણ કરેલા સમૃદ્ધ ગ્રંથોએ ગુજરાતને પ્રતિષ્ઠિત કર્યુ છે. ઇતિહાસમાં શ્રી હેમચંદ્રાચાર્યના સમયને અપાયેલું 'હેમયુગ' નામ ખૂબ જ સાર્થક છે.

માત્ર એકવીસ વર્ષની ઊંમરે જૈન ધર્મનું આચાર્યપદ મેળવનાર શ્રી હેમચંદ્રાચાર્યનું નવમી શતાબ્દી નિમિત્તે જે પુનઃ નામસ્મરણ થઇ રહ્યું છે તે આવકાર્ય અને અભિનંદનીય છે. પ્રજાના નૈતિક ઉદ્ધાર માટે શ્રી હેમચંદ્રાચાર્યે કરેલા પ્રયાસ બદલ દરેક ગુજરાતી તેમનો ઋણી છે. તેમ કહેવામાં કોઇ અતિશયોકિત નથી.

આ પ્રસંગે પ્રમુખસ્થાનેથી બોલતાં પંડિત શ્રી દલસુખભાઇ માલવણિયાએ જણાવ્યું હતું કે, પશ્ચિમના વિદ્વાન હેમચંદ્રાચાર્યજીના વ્યાકરણના ગ્રંથને મહાગ્રંથ ગણે છે. આ પ્રસંગે શ્રી અરવિંદ-ભાઇ નરોત્તમભાઇ, સંસ્થાના કાર્યકારી નિયામક શ્રી વાય. એસ. શાસ્ત્રી તથા શ્રી આર. એસ. બેટાઇએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

બે દિવસ માટે યોજાયેલા આ પરિસંવાદમાં લગભગ ૫૦ જેટલા ડેલીગેટોએ હાજરી આપી હતી. પરિસંવાદમાં સંશોધન પેપરો પણ રજૂ થઇ રહ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મધ્યાન

પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી

શાસ્ત્રોક્ત સર્વ અનુષ્ઠાનો આત્માના પૂર્ણ શુદ્ધ સ્વરૂપ પરમાત્માના ધ્યાનમાં તન્મય બન્યા વિના પ્રાપ્ત થઇ શકતા નથી.

શ્રી અરિહંત પરમાત્માના નામ–સ્મરણ, મૂર્તિ–દર્શન, ગુણચિંતનાદિ દ્વારા અને અસંયમ ત્યાગ અને સંયમ સેવનરૂપ તેમની આજ્ઞાના પાલન દ્વારા તેમના ધ્યાનમાં એકાગ્ર બનવાથી તન્મયતા પ્રગટે છે. અનુક્રમે તેમના ધ્યાનમાં લયલીન બની આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો એ જ સર્વ આગમોનું પરમ રહસ્ય છે. કહ્યું છે કે—

'યોગ અસંખ્ય છે જિન કહ્યા,
નવપદ મુખ્ય તે જાણો રે,
એહ તણે અવલંબને
આતમ ધ્યાન પ્રમાણો રે.'

શ્રી જિનેશ્વર દેવાએ મોક્ષસાધક યોગના અસંખ્ય પ્રકારો બતાવ્યા છે. તેમાં શ્રી અરિહંતાદિ નવપદોનું આલંબન મુખ્ય છે.

નવપદોના આલંબનથી આત્માનું ધ્યાન પ્રગટે છે અને આત્મધ્યાન એ જ અંતે પ્રમાણભૂત છે. કેમ કે— આત્મધ્યાન વિના મુક્તિ સુખ મેળવી શકાતું નથી.

આત્મધ્યાન માટે પરમાત્મધ્યાન, પરમાત્મધ્યાન માટે નામ–સ્મરણ, મૂર્તિદર્શન ગુણ-ચિંતનાદિ સાધનો છે. અને તે માટે આશ્રવના ત્યાગરૂપ અને સંયમના સેવનરૂપ આજ્ઞાનું પાલન છે.

આજ્ઞાપાલનથી ચિત્તની નિર્મળતા, ગુણચિંતન વડે ચિત્તની સ્થિરતા અને નામ–સ્મરણાદિ વડે તન્મયતા પ્રાપ્ત થઇ શકે છે.

તન્મયતા એ જ સમાધિ છે.

આ સર્વાગમ રહસ્યને સમજી સ્વીકારી આત્મભૂખ જગાડવી તેમાં જ દેવદુર્લભ માનવભવની સાર્થકતા છે. અન્ય ગતિઓમાં આ યોગ દુર્લભ છે.

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only